છોટાઉદેપુર નજીક મોટો વાહન અકસ્માત સર્જાયો

## દાહોદથી કવાંટ જતી બોલેરો પીકઅપને ટ્રકે ફંગોળતા ૪ બાળકો સહિત ૮ શ્રમિકોને ઈજા

### ટ્રકની ટક્કરથી પીકઅપ જીપ બ્રિજની પાળી સાથે અથડાઈ



(પ્રતિનિધી)છોટાઉદેપુર, તા.16
છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ-લિંબાણી રોડ પર એક હૃદયકંપાવનારો માર્ગ અકસ્માત સર્જાયો છે. દાહોદથી કવાંટ તરફ મજૂરીકામ અર્થે જઈ રહેલી એક બોલેરો પીકઅપ જીપને પૂરપાટ ઝડપે આવતી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ નિર્દોષ બાળકો સહિત કુલ ૮ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વાહન પલટી જતાં જ તેમાં સવાર શ્રમિકો અને માસૂમ બાળકોની ચીચયારીઓથી આખો વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. જીપમાં ૪ નાના બાળકો સહિત કુલ ૮ લોકો સવાર હતા અને તમામ લોકોને નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો ભયાનક અવાજ સાંભળીને આસપાસના ગામના સ્થાનિક યુવાનો ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક યુવાનોએ ભારે જહેમત ઉઠાવીને પલટી ગયેલા વાહનમાંથી લોહીલુહાણ હાલતમાં રહેલા બાળકો અને અન્ય મુસાફરોને બહાર કાઢ્યા હતા. માનવતા દાખવીને આ યુવાનોએ ખાનગી વાહનો તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા.

સૂર્યાઘોડા-મોરખાલા માર્ગ પર જોખમી નાળું

## રોડની કિનારીઓનું ધોવાણ અટકાવવાના લોક માંગ



(પ્રતિનિધી) બોડેલી, તા.16
બોડેલી તાલુકાના સૂર્યાઘોડા-મોરખાલા માર્ગ પર આવેલું નાળું લાંબા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો માટે જોખમનું કારણ બન્યું છે. ચોમાસાના વરસાદી પાણીના વહેણથી નાળાની આસપાસની માટી અને કપચી ધોવાઈ જતાં માર્ગની કિનારી તૂટી ગઈ છે અને રસ્તાનો એક ભાગ નાળા તરફ ધસી ગયો છે. માર્ગની કિનારી ધોવાઈ જતાં રસ્તો સાંકડો બન્યો છે. જેના કારણે સામસામે વાહનો પસાર થાય ત્યારે અકસ્માતનો ભય વધી જાય એમ છે. આ રોડ ઉપર રેતીના મોટા મોટા હાઈવા ટ્રક પસાર થાય છે ત્યારે રોડની કિનારીઓ ધોવાતા અકસ્માત સર્જાય તેવો ભય રહે છે ખાસ કરીને રાત્રિના સમયે આ સ્થળ વધુ જોખમી બની રહે છે. જોખમી કિનારે રેલિંગ, બેરીકેડ કે ચેતવણીના બોર્ડ જેવી જરૂરી સેફટી વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી કોઈ વાહનચાલક કિનારી તરફ ધસી જાય તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ છે.

સંજેલી તાલુકામાં આદિવાસીઓના હક્કો પર ધાડ!

## નકલી ST પ્રમાણપત્રથી સરકારી નોકરીઓ અને મેડિકલ સીટો હડપવાનું મહાકોભાંડનો આક્ષેપ સાથે મામલતદારને રજૂઆત

(પ્રતિનિધી) દાહોદ, તા.16
સંજેલી તાલુકામાં આદિવાસી પરિવાર દ્વારા ડુબલીકેટ એસટી સર્ટી ધરાવનાર પર વિરોધ કરી સૂત્રોચાર સાથે મામલતદાર કચેરી દ્વાર ખખડાવી આવેદન આપી તપાસની માંગ કરી. શુ ઓબીસી જ્ઞાતિના લોકો રાતોરાત આદિવાસી બની શકે?શુ સરકારી અધિકારી સાથે મળી આદિવાસી સમાજનો હક છીનવી શકાય? દાહોદ જિલ્લાના સંજેલી તાલુકા માંથી આ ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં મૂળ હિન્દુ રાવળ જ્ઞાતિના લોકોએ ષડયંત્ર રચીને અનુસૂચિત જનજાતિ એસટી સમુદાયના બોગસ પ્રમાણપત્ર મેળવી લીધા હોવાના આદિવાસી પરિવારનો આક્ષેપ.

### આવેદનમા નામ જોગની યાદી



1) **કિરણ રાવળ** સંજેલી તાલુકા ભાજપનો મંડળનો મહામંત્રી, એન. કે નર્સિંગ કોલેજ પ્રમુખ, ભાઠીવાડા ખાતે ST કોટા હેઠળ પેટ્રોલ પંપ મેળવ્યો.
2) **કમલેશ રામસીંગ રાવળ** સંજેલી APMC ડિરેક્ટર.
3) માનુસિંગ રાવળ લીમડી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ.
4) **સંતોષભાઈ રાવળ** ફતેપુરા તાલુકામાં તલાટી કમ મંત્રી તરીકે સેવા આપે છે.અને હાલ તેમની બદલી દેવગઢ બારીયામા ફરજ બજાવે છે

યુવરાજસિંહ નેતા દ્વારા સોશિયલ મીડિયામાં પેઢીનામુ સહીતના અનેક પુરાવા અને સર્ટી સાથે પુરાવા આપી સૌથી મોટો આક્ષેપ થતા બોગસ એસ.ટી.ની સર્ટી ધરાવનારોમાં દોડધામ મચી જવા પામી છે. શાળાના વય પત્રકો અને જૂના મહેસુલી રેકોર્ડમાં પણ જેમની મૂળ જ્ઞાતિ હિન્દુ રાવળ જ નોંધાયેલ છે પરંતુ સરકારી અમલદારોની લીલી ભગતની એસટીના ડાખલા કઢાવીને આદિવાસી સમાજ અનામત યોજનાઓ અને શૈક્ષણિક સીટો પર તરાપ મારવામાં આવ્યો હોવાનો આક્ષેપો કરાયા છે.

# મધ્ય ગુજરાતમાં આન-બાન અને શાન સાથે ૮૦માં સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરાઇ

### ગરબાડાના સાહડા ગામે ૮૦મા સ્વાતંત્ર પર્વની તાલુકા કક્ષાની ઉજવણી



**ગરબાડા :** ગરબાડા તાલુકાના સાહડા ગામના કાચલા ફળિયા પ્રાથમિક શાળા ખાતે આજે 15 ઓગસ્ટના રોજ 80મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તાલુકા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગરબાડા મામલતદાર યોગેન્દ્રસિંહ પુવારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો પર વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતને ઉપસ્થિત સૌએ વધાવી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગરબાડા પોલીસ સ્ટેશનના PSI કોટવાલ, આરોગ્ય અધિકારી અવિનાશ ડામોર, પશુચિકિત્સક અધિકારી, ગરબાડા મામલતદાર કચેરીનો સ્ટાફ, CDPO મેહાબેન સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ, સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદની જી. પી. ધાનકા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં દેશભક્તિનો માહોલ



**દાહોદ :** સમગ્ર ભારતમાં 80માં સ્વાતંત્ર દિવસની માનભેર ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે દાહોદની શ્રી જી. પી. ધાનકા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે દેશના 80મા સ્વાતંત્ર્ય દિવસની હર્ષોલ્લાસ અને દેશભક્તિના માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિસરમાં ત્રિરંગાની શોભા અને રાષ્ટ્રપ્રેમનો ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અંશો નીચે મુજબ રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ ગોપાલભાઈ ધાનકાના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવીને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ સામૂહિક રાષ્ટ્રગીત ગાઈને ભારત માતાને વંદન કર્યા હતા. મંચસ્થ મહાનુભાવો: આ પ્રસંગે પ્રમુખસ્થાને ગોપાલભાઈ ધાનકા, શાળાના આચાર્ય બાલકૃષ્ણભાઈ ચાપા તથા સંસ્થાના ટ્રસ્ટી ચંદ્રકાંતાબેન ધાનકા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### હાલોલ નગરપાલિકામાં ૮૦માં સ્વતંત્ર દિનની ઉજવણીમાં અધિકારી-પદાધિકારીઓ જોડાયા



**હાલોલ :** ભારતનો સ્વાતંત્ર્ય દિન દર વર્ષે 15મી ઓગસ્ટે દેશભર માં હર્ષોલ્લાસ અને રાષ્ટ્રભક્તિના રંગે ઉજવવામાં આવે છે .આ પાવન પર્વની ઉજવણી હાલોલ નગરપાલિકામાં પણ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવે છે. નગરપાલિકા કચેરીના ના પ્રાંગણને તિરંગા ધ્વજ અને પુષ્પો તેમજ આસોપાલવ તોરણ થી સુશોભિત કરવામાં આવ્યુ હતું.સમગ્ર વાતાવરણ જાણે કે દેશ પ્રેમના સુગંધ થી મહેકી ઊઠયું હતું. ધ્વજ વંદન કાર્યક્રમની શરૂઆત સવારે 8.00 વાગે થઈ જેમાં અતિથિ વિશેષ તરીકે નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ પ્રમોદ સિંહજી રાઠોડ ના વરદ હસ્તે 8 :00 ના સુમારે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ દિન નિમિત્તે ઉપસ્થિત મહેમાનનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ધારાસભ્ય જયદ્રસિંહજી પરમારના કાર્યોને બિરદાવી હાલોલ શહેરે ઔદ્યોગિક તેમજ સ્વચ્છતા અંગે હરણફાળ પ્રગતિ કરી છે

### જબુગામ સી.એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલય રાષ્ટ્રગાન સાથે દેશભક્તિના રંગે રંગાઈ ગયું



**બોડેલી :** બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલી શ્રી સી.એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલય ખાતે 80મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રમુખ શ્રી ઘનશ્યામસિંહ વાસદીયા દ્વારા શાળા પરિસરમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન સાથે સમગ્ર શાળા પરિસર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ પ્રસંગે શાળા સ્ટાફ, મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ, ગામના આગેવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે શાળા પરિસરમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના આકર્ષક પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને શિક્ષિકા હેમલબેન રાણાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓએ *'વેસ્ટમાંથી બેસ્ટ'*ની થીમ પર વિવિધ સર્જનાત્મક કૃતિઓ તૈયાર કરી હતી. વાસ માંથી પણ અનેક પ્રકારના પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા હતા.

### કાંકણપુરની સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થાઓમાં ૮૦મા સ્વાતંત્રતા પર્વની ઉજવણી



**ગોધરા :** કાંકણપુર ખાતે સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૫ ઓગસ્ટના રોજ ૮૦મા સ્વતંત્રતા દિનની રાષ્ટ્રપ્રેમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધ્વજારોહણ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રેરણાદાયી વક્તવ્યો દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ દેશભક્તિનો અનોખો માહોલ સર્જ્યો હતો. જે. એલ. કે. કોટેચા આર્ટસ એન્ડ એસ. એસ. ગાડી કોમર્સ કોલેજ ખાતે ડો. ઉષાબેન પટેલના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ ડો. મહેશભાઈ રાઠવાએ અને સંચાલન ડો. સાબતસિંહ પટેલે કર્યું હતું. કોલેજના આચાર્ય ડો. જગદીશભાઈ પટેલે સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરી યુવાનોને રાષ્ટ્ર વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. બીજી તરફ, વી. એમ. શાહ હાઈસ્કૂલ ખાતે ડો. જે. પી. પટેલના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું,

### છોટાઉદેપુર જનરલ હોસ્પિટલ ખાતે ૮૦મા સ્વાતંત્રતા પર્વે આઝાદીના લડવૈયાઓને યાદ કર્યા



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જનરલ હોસ્પિટલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર અને રાષ્ટ્રભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે જનરલ હોસ્પિટલના પીડીયાટ્રીશયન ડો. પાયલ રાઠવાના વરદ હસ્તે ગરિમાપૂર્ણ રીતે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના વાલસિંગભાઈ રાઠવા અને જનરલ હોસ્પિટલના અધિક્ષક ડો. કેવલ મોદીએ પ્રાસંગિક વક્તવ્ય આપી ઉપસ્થિત સૌને પ્રોત્સાહિત કર્યા હતા.જિલ્લા ક્ષય કેન્દ્રના વાલસિંગભાઈ રાઠવાએ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીની લડતમાં ભાગ લેનારા અને પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનારા બિહારના ભાગલપુરના વીર ક્રાંતિકારી તીલકા માંઝી જેવા અનામી શહીદોને પણ આજે યાદ કરવાનો આ અવસર છે. તેમણે વધુમાં છોટાઉદેપુરના ગૌરવશાળી ઇતિહાસનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, ૧૮૫૭ના વિપ્લવ વખતે તાત્યા ટોપેની આગેવાનીમાં લડાયેલી લડતનું છોટાઉદેપુર પણ સાક્ષી રહ્યું છે.

### સંજેલીના હિરોલા ગ્રામ પંચાયતમાં ૮૦ માં સ્વાતંત્રતા દિવસ"ની તાલુકા કક્ષાની ઉજવણી થઇ



**સંજેલી :** શ્રી એસ. વી. કામોલ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સંજેલીના વરદ હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું . ત્યારબાદ મામલતદાર શ્રી દ્વારા આજના કાર્યક્રમને લઈને પ્રવચન કરવામાં આવ્યું હતું . ત્યારબાદ દીપ પ્રાગટ્ય અધિકારીઓ પદાધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું . તેમજ કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં નાના બાળકો દ્વારા દેશભક્તિના વિવિધ ગીતો સાથે નાચ ગાન કરી અને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારબાદ સંજેલી તાલુકા શિક્ષણ વિભાગમાં શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી કરનાર શિક્ષક મિત્રોને પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા . સંજેલી પોલીસ દ્વારા ધ્વજ વંદન સલામી કાર્યક્રમ માં ઉપસ્થિત રહી અને ઉજવણીમાં જોડાયા હતા . કાર્યક્રમના અંતે ઉપસ્થિતો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

### સંખેડા: ડી.બી. પારેખ હાઇસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો ૮૦મો સ્વાતંત્રતા દિન ઉત્સાહભેર ઉજવાયો



**સંખેડા :** દેશભક્તિ અને ગૌરવના રંગે રંગાયેલા *ભારતના 80મા સ્વાતંત્ર્ય દિવસ*ની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી આજે *છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકા*ની *ડી.બી. પારેખ હાઇસ્કૂલ*ના વિશાળ મેદાનમાં કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દેશપ્રેમ, એકતા અને વિકાસના સંદેશ સાથે સંપન્ન થયો હતો. ધ્વજવંદન અને રાષ્ટ્રગાન કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ભવ્ય ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સામૂહિક રાષ્ટ્રગાન સાથે સમગ્ર મેદાન "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્"ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. ધ્વજવંદન બાદ પોલીસ, હોમગાર્ડ, NCC, સ્કાઉટ-ગાઈડ અને જિલ્લાની વિવિધ શાળાઓના બાળકો દ્વારા શિસ્તબદ્ધ અને આકર્ષક પરેડ રજૂ કરવામાં આવી હતી. બાળકોએ દેશભક્તિ ગીતો, નૃત્યો અને સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.

### કાલોલની એમજીએસ હાઈસ્કુલમાં ૮૦મા સ્વાતંત્રતા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**કાલોલ :** કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત ધી એમજીએસ હાઈસ્કુલ ખાતે 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહપૂર્વક અને દેશભક્તિસભર માહોલમાં કરવામાં આવી હતી. આ નિમિત્તે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં શાળા પરિસરમાં દેશપ્રેમનો અનન્ય માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ટ્રસ્ટી સંજયભાઈ શાહના હસ્તે સન્માનપૂર્વક ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્રિરંગો લહેરાવવાની સાથે જ ઉપસ્થિત તમામ લોકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાનનું ગાન કર્યું હતું. આ ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને ગ્રામજનો દ્વારા લગાવવામાં આવેલા "જય જવાન, જય કિસાન", "ભારત માતા કી જય", "વંદે માતરમ્", "હમ સબ એક હૈ" અને "ઇન્કલાબ ઝિંદાબાદ"ના દેશભક્તિપૂર્ણ નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

### ફતેપુરા નગર સહિત તાલુકામા ૮૦ માં સ્વાતંત્ર પર્વ ઉત્સાહભેર વાતાવરણમાં ઉજવાયું



**ફતેપુરા :** ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા સહિત તાલુકામાં ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં આનબાન અને શાંન થી15 મી ઓગસ્ટ સ્વતંત્ર પર્વની ઉત્સાહભેર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી ફતેપુરા તાલુકાના જગોલા ગામે તાલુકા કક્ષાની સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી મામલતદાર એમ.એલ વાઘેલા ધ્વજને સલામી આપી હતી જગોલા સરપંચ ચુની બેન દલસીંગભાઇ વડખીયા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ઉપપ્રમુખશ્રી વહીવટી તંત્ર સહિત તાલુકા જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો શાળાના બાળકો શિક્ષકો શિક્ષિકા બહેનો ઉપસ્થિત રહ્યા હતા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા ફતેપુરા શ્રી આઇ કે દેસાઈ હાઈસ્કૂલમાં મંડળના પ્રમુખ શરદભાઇ ઉપાદય તાલુકા પ્રાથમિક શાળા કપિલભાઈ નહાર ગ્રામ પંચાયત માં શૈલેષભાઈ પ્રજાપતિએ ધ્વજ વંદન કરી ધ્વજને સલામી આપી હતી જાગૃતિ કન્યા વિદ્યાલય માં પણ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે બાલિકાઓએ સારા કૃતિકા ભજવી હતી અને કાર્યક્રમો બનાવ્યો હતો.

### શિનોર તાલુકા મથકે આન બાન અને શાનસાથે ઉજવાયો ૮૦મો સ્વાતંત્રતા દિવસ



**શિનોર :** આજે 80 માં સ્વાતંત્ર દિન નિમિત્તે તાલુકા કક્ષાનું ધ્વજ વંદન પુનિયાદ ગામે પ્રાથમિક શાળા માં મામલતદાર મુકેશભાઈ બારીયા ના દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તાલુઆ ની તમામ સરકારી કચેરી ના કર્મચારી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શિનોર તાલુકા પંચાયતમાં તાલુકા પંચાયત પ્રમુખ શિનોર ગ્રામ પંચાયત માં ગ્રામ પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ , સાર્વજનિક હાઈસ્કૂલ માં તા. પ.પ્રમુખ, કેળવણી મંડળ ના પ્રમુખ સચિન પટેલ ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. જેમાં શિનોર ના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી ધ્વજ વંદન કરી ધન્યતા અનુભવી હતી. તાલુકા માં આ 80 માં સ્વાતંત્ર દીનની ની ઉજવણી માં તમામ જોડાયા હતા.

શિનોર સાર્વજનિક હાઈસ્કૂલ મા વિદ્યાર્થીઓ દ્વારા દેશ ભક્તિ નાં ગીતો રજુ કરી દેશ ભક્તિ વાતાવરણ ઉભું કર્યું હતું. આ પ્રસંગે શાળા નાં વિવિધ ક્ષેત્રે ઉતીર્ણ અને દેખાવ કરી નંબર લાવી શાળા નુ ગૌરવ વધારેલ હોય શર્ટી અને મેડલ આપવામાં આવ્યા હતા.

### લીમખેડા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઢળતી સાંજે ભવ્ય મશાલ યાત્રા કાઢવામાં આવી



**સુખસર :** તારીખ 15 મી ઓગસ્ટ ને શનિવાર ના રોજ લીમખેડા ખાતે 80મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આખા દેશમાં શાનદાર રીતે થઈ રહી છે તેવી જ રીતે ગાયત્રી પરિવાર લીમખેડા તાલુકા યુવા પ્રકોષ્ઠ અને ધર્મ રક્ષા સમિતિ,લીમખેડા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ એટલે કે તારીખ 14/8/2026 ગુરુવારના રોજ સાંજના 7 કલાકે ભવ્ય મશાલ યાત્રા કાઢવામાં આવી હતી.જેમાં ધર્મ રક્ષા સમિતિ લીમખેડા દ્વારા શ્રી રામજી મંદિર લીમખેડા થી પ્રસ્થાન કરી રાષ્ટ્રપ્રેમ, દેશપ્રેમની ભાવના સાથે સુત્રોચાર,દેશભક્તિ ગીતો સાથે નગર ભ્રમણ કરી માં ભગવતી પ્રજ્ઞા હોલ લીમખેડા ખાતે પુર્ણાહુતી કરવામાં આવી હતી.જેમાં અનેક દેશ ભક્તોએ લાભ લઈ મશાલ સાથે યાત્રાનો લાભ લીધો હતો.


**CHANGE NAME**

I have changed my name from **Desai Vaidehi Chintankumar** to **Vaidehi Chintan Desai.** Ghantiyada, Ghadiyali Pole, Sureshwar Desai's Lane, Vadodara